**વંચાણે લીધા :**

**૧.** ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૩/૫/૨૦૨૫ ના ઠરાવ ક્રમાંક: પસથ/૧૦૨૦૦૩/૪૧૮/સ તથા

**૨. પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેર નાઓના તા.૩૦/૫/૨૦૨૫ ના જાહેરનામા ક્રમાંક:ક.૨/મહેકમ-૧/હદ વિસ્તાર/૪૩૫/૨૦૨૫** તથા

**૩.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેર નાઓના તા.૩/૮/૨૦૧૫ ના જાહેરનામા ક્રમાંક : ક.૨/ટ્રાફિક પો.સ્ટે./૯૯૫/૨૦૧૫ તથા

**૪.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેર નાઓના તા.૨૭/૨/૨૦૧૮ ના જાહેરનામા ક્રમાંક : ક.૨/ટ્રાફિક પો.સ્ટે./૩૦૧/૨૦૧૮ અન્વયે.

**પોલીસ કમિશનર,અમદાવાદ શહેર**

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧**

પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ક.૨/ટ્રાફિક પો.સ્ટે./**૪૩૬**/૨૦૨૫,
તા.૫/૬/૨૦૨૫

ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૩/૫/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક: પસથ/૧૦૨૦૦૩/૪૧૮/સ થી અમદાવાદ ગ્રામ્ય તથા ગાંધીનગર જિલ્લાના પોલીસ હકૂમતના વિસ્તારમાં વહીવટી અનુકૂળતા તથા સામાન્ય જનતાની સુગમતા માટે અમદાવાદ ગ્રામ્ય તથા ગાંધીનગર જિલ્લાના પોલીસ હકૂમતના વિસ્તારોને પોલીસ કમિશનરેટ અમદાવાદ શહેરમાં સમાવેશ કરવાનું ઠરાવવામાં આવેલ છે. ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૧૨ થી મને મળેલ અધિકારની રૂએ હું, જી.એસ.મલિક,IPS,પોલીસ કમિશનર,અમદાવાદ શહેર આથી નીચે જણાવેલ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હાલમાં જે હદ છે તે ઉપરાંતનો હદ વિસ્તાર તા.૬/૬/૨૦૨૫ ના રોજ કલાક ૦૦.૦૦ થી અસ્તિત્વમાં આવે તે રીતે હુકમ કરુ છું.

**-: હુકમ :-**

**(૧) એ-ટ્રાફિક પોલીસ સ્ટેશન:**

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના એ-ડીવીજનના વસ્ત્રાપુર,સોલા,ઘાટલોડીયા પોલીસ સ્ટેશનની હદનો વિસ્તાર તેમજ એસ.જી.હાઇવે તથા તેની બન્ને તરફના ૧૦૦-મીટર સિવાયના વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે.

**(૨) બી-ટ્રાફિક પોલીસ સ્ટેશન:**

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના બી-ડીવીજનના નારણપુરા, નવરંગપુરા, ગુજરાત યુનિવર્સીટી,વાડજ પોલીસ સ્ટેશન તથા સાબરમતી રિવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસ સ્ટેશનની હદનો સમાવેશ કરવામાં આવે છે.

**(૩) ઇ-ટ્રાફિક પોલીસ સ્ટેશન:**

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના સી-ડીવીજનના કારંજ,શાહપુર પોલીસ સ્ટેશન (જુનુ 'સી' ટ્રાફિક પોલીસ સ્ટેશન) ડી-ડીવીજનના કાલુપુર,શહેરકોટડા પોલીસ સ્ટેશન (જુનુ 'ડી' ટ્રાફિક પોલીસ સ્ટેશન) તથા ઇ-ડીવીજનના ગાયકવાડ હવેલી,ખાડીયા પોલીસ સ્ટેશનની હદનો સમાવેશ કરવામાં આવે છે.

**(૪) એફ-ટ્રાફિક પોલીસ સ્ટેશન:**

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના એફ-ડીવીજનના શાહીબાગ,દરીયાપુર પોલીસ સ્ટેશનની હદનો સમાવેશ કરવામાં આવે છે.

**(૫) જી–ટ્રાફિક પોલીસ સ્ટેશન:**

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના જી–ડીવીજનના એરપોર્ટ,કૃષ્ણનગર, મેઘાણીનગર,નરોડા,સરદારનગર પોલીસ સ્ટેશનની હદનો સમાવેશ કરવામાં આવે છે.

**(૬) એચ–ટ્રાફિક પોલીસ સ્ટેશન:**

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના એચ–ડીવીજનના બાપુનગર,ગોમતીપુર, રખીયાલ પોલીસ સ્ટેશનની હદનો સમાવેશ કરવામાં આવે છે.

**(૭) આઇ–ટ્રાફિક પોલીસ સ્ટેશન:**

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના આઇ–ડીવીજનના અમરાઇવાડી,ખોખરા, નિકોલ,ઓઢવ,રામોલ પોલીસ સ્ટેશનની હદનો સમાવેશ કરવામાં આવે છે.

**(૮) જે–ટ્રાફિક પોલીસ સ્ટેશન:**

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના જે–ડીવીજનના ઇસનપુર,મણિનગર, વટવા, વટવા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશનની હદનો સમાવેશ કરવામાં આવે છે.

**(૯) કે–ટ્રાફિક પોલીસ સ્ટેશન:**

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના કે–ડીવીજનના દાણીલીમડા,કાગડાપીઠ, નારોલ પોલીસ સ્ટેશનની હદનો સમાવેશ કરવામાં આવે છે.

**(૧૦) એલ–ટ્રાફિક પોલીસ સ્ટેશન:**

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના એલ–ડીવીજનના ચાંદખેડા,માધવપુરા, રાણીપ,સાબરમતી પોલીસ સ્ટેશનની હદનો સમાવેશ કરવામાં આવે છે.

**(૧૧) એમ–ટ્રાફિક પોલીસ સ્ટેશન:**

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના એમ–ડીવીજનના એલિસબ્રિજ,સરખેજ, વાસણા,વેજલપુર પોલીસ સ્ટેશન તથા સાબરમતી રિવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસ સ્ટેશનની હદનો વિસ્તાર તેમજ એસ.જી.હાઇવે તથા તેની બન્ને તરફના ૧૦૦–મીટર સિવાયના વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે.

**(૧૨) એન–ટ્રાફિક પોલીસ સ્ટેશન:**

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના એન–ડીવીજનના બોડકદેવ,આનંદનગર, પાલડી,સેટેલાઇટ પોલીસ સ્ટેશનની હદનો વિસ્તાર તેમજ એસ.જી.હાઇવે તથા તેની બન્ને તરફના ૧૦૦–મીટર સિવાયના વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે.

**(૧૩) એસ.જી.હાઇવે–૧ ટ્રાફિક પોલીસ સ્ટેશન:**

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં વૈષ્ણોદેવી સર્કલ સહિતના રીંગ રોડ સુધીના રોડથી લઇ થલતેજ ચાર રસ્તા સુધીના (23°02’53.9’’N 72°30’59.1’’E) એસ.જી.હાઇવે તથા તેની બન્ને બાજુના ૧૦૦ મીટર વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે.

**(૧૪) એસ.જી.હાઇવે–૨ ટ્રાફિક પોલીસ સ્ટેશન:**

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં થલતેજ ચાર રસ્તાની આગળથી લઇ (23°02’53.9’’N 72°30’59.1’’E) સનાથલ સર્કલ સહિતના રીંગ રોડ સુધીનો રોડ તથા આ રોડની બન્ને બાજુના ૧૦૦ મીટર વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે.

આજ રોજ તા.~~૪~~ ૫/૬/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.~~૪~~ ૫/૬/૨૦૨૫
અમદાવાદ શહેર

**( જી.એસ.મલિક )**
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના :</u>

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી,સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિદ્ધ કરવા સારૂં. ( E-mail : gogpress-vad@gujarat.gov.in )
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) પોલીસ અધિક્ષકશ્રી,અમદાવાદ તથા ગાંધીનગર
(૨૧) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૨) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૩) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૪) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૫) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૭) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિદ્ધ કરવા સારૂં
(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિદ્ધ કરવા સારૂ.